# ચૈતર વસાવાને હાઇકોર્ટનો ઝટકો જામીન સહિતની બંને અરજી ફગાવાઈ

**વનકર્મી** પર હુમલો-ધમકી કેસમાં 7 વર્ષની સજાને પડકારતી અરજીમાં રાહત નહીં; ધારાસભ્યના જેલવાસમાં વધારો



અમદાવાદ: નર્મદા જિલ્લાના ડેડિયાપાડાના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાને ગુજરાત હાઇકોર્ટમાંથી મોટો ઝટકો લાગ્યો છે. વન વિભાગના કર્મચારી પર હુમલો, સરકારી કામગીરીમાં અડચણ અને ધમકી સહિતના ગંભીર આરોપોમાં રાજપીપળા સેશન્સ કોર્ટે ફટકારેલી સાત વર્ષની સજાને પડકારતી ચૈતર વસાવાની અરજીઓ પર સુનાવણી કરતાં ગુજરાત હાઇકોર્ટે તેમને હાલ કોઈ રાહત આપવાનો ઇનકાર કર્યો છે. ચૈતર વસાવાની બંને અરજીઓ ફગાવી દેવામાં આવતા તેમનો જેલવાસ લંબાયો છે.

ચૈતર વસાવાએ સેસન્સ કોર્ટમાં થયેલી સજાને પડકારતી, સાથે જામીન અને રાહતની માગણી કરતી અરજીની હાઇકોર્ટમાં સુનાવણી દરમિયાન કેસની ગંભીરતા, આરોપોની પ્રકૃતિ તેમજ આરોપી લોકપ્રતિનિધિ હોવાના મુદ્દે રાજ્ય સરકાર તરફથી સરકારી વકીલએ હાઇકોર્ટ સમક્ષ એવી દલીલ પણ કરવામાં આવી હતી કે લોકપ્રતિનિધિ તરફથી આ પ્રકારનું વર્તન સમાજમાં વિપરીત સંદેશ પહોંચાડી શકે છે, તેથી ચૈતર વસાવાને રાહત ન આપવા આવે.

ગુજરાત હાઈકોર્ટે કેસની ગંભીરતા અને સમગ્ર પરિસ્થિતિને ધ્યાનમાં લેતાં ચૈતર વસાવાને જામીન અથવા અન્ય રાહત આપવાનો ઇનકાર કર્યો હતો. સુનાવણી દરમિયાન કાયદાની સર્વોપરિતાનો પણ ઉલ્લેખ થયો હતો અને કોઈ વ્યક્તિ કાયદાથી ઉપર ન હોઈ શકે તેવો અભિગમ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આ સમગ્ર મામલો વર્ષ 2023માં નર્મદા જિલ્લાના બોગાજ ગામ નજીક વન જમીન પરથી દબાણ હટાવવાની કાર્યવાહી બાદ સામે આવ્યો હતો. વન વિભાગના કર્મચારીઓને ચૈતર વસાવાના નિવાસસ્થાને બોલાવવામાં આવ્યા હતા, જ્યાં તેમની સાથે મારપીટ કરવામાં આવી હતી. ઉપરાંત, હવામાં ફાયરિંગ કરીને ધમકી આપવી તથા નાણાંની માગણી કરવામાં આવી હોવાના આક્ષેપ થયા હતા. આ મામલે ડેડિયાપાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. તપાસ બાદ કેસ રાજપીપળાની સેશન્સ કોર્ટમાં ચાલ્યો હતો.

આ કેસની સુનાવણી પૂર્ણ થયા બાદ 23 જૂનના રોજ રાજપીપળા સેશન્સ કોર્ટે ચૈતર વસાવા સહિતના આરોપીઓને દોષિત ઠેરવી સાત વર્ષની સખત કેદની સજા ફટકારી હતી. આ સાથે દંડની સજા પણ કરવામાં આવી હતી. સેશન્સ કોર્ટના આ ચુકાદાને ચૈતર વસાવાએ ગુજરાત હાઇકોર્ટમાં પડકાર્યો હતો. તેમણે સજા સામે અપીલ સાથે જામીન અને રાહતની માગણી કરી હતી. જોકે, હાઇકોર્ટે સુનાવણી બાદ તેમની બંને અરજીઓ ફગાવી દીધી છે.

# ગુજરાત પોલીસના કાફલામાં વધુ ૫૦૦ જનરક્ષક વાહનો જોડાશે

**ઓલા,** ઉબેર, રેપિડો અને ભારત ટેક્સી જેવી વાહન સેવા એપમાં પણ ૧૧૨નું પેનિક બટન જોડવામાં આવ્યું

**ઘટના** સ્થળની સૌથી નજીકનું વાહન તાત્કાલિક પહોંચશે, પ્રતિસાદનો સમય ૧૦ મિનિટ ૪૯ સેકન્ડ થયો

ગાંધીનગરઃ નાગરિકોને ઈમરજન્સી સમયે વધુ ઝડપી પોલીસ સેવા મળી રહે તે માટે ગુજરાત પોલીસના કાફલામાં વધુ ૫૦૦ અત્યાધુનિક 'જનરક્ષક' વાહનો ઉમેરાશે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આવતીકાલે ૨૫ ઓગસ્ટે નવા સચિવાલય ખાતેથી આ ૫૦૦ વાહનોને લીલી ઝંડી આપશે. નવા વાહનો કાર્યરત થયા બાદ રાજ્યમાં ૨૪ કલાક ઈમરજન્સી પ્રતિસાદ માટે કુલ ૧,૦૦૦ 'જનરક્ષક' વાહનો ઉપલબ્ધ રહેશે.

જનરક્ષક સેવાના અમલીકરણના ૧૧ માસમાં જ ૧૧.૦૪ લાખથી વધુ ઈમરજન્સી કોલમાં સંકલિત સેવાઓ પૂરી પાડવામાં આવી છે, જ્યારે ૬.૭૪ લાખથી વધુ પોલીસ ઈમરજન્સી બનાવોમાં તાત્કાલિક પોલીસ સેવા પહોંચાડવામાં આવી છે. રાજ્યનો સરેરાશ પ્રતિસાદ સમય ૨૭ મિનિટથી ઘટીને હવે ૧૦ મિનિટ ૪૯ સેકન્ડ થયો છે.

ઈમરજન્સી કોલ મળ્યા બાદ પોલીસની સીમાઓને બદલે ઘટના સ્થળની સૌથી નજીક ઉપલબ્ધ જનરક્ષક વાહનને તાત્કાલિક રવાના કરવાની નવી કાર્યપદ્ધતિ પણ અમલમાં મૂકવામાં આવી છે. ૧૧૨ ઈમરજન્સી સેવા હેઠળ પોલીસ, એમ્બ્યુલન્સ, ફાયર, મહિલા હેલ્પલાઈન, બાળ હેલ્પલાઈન, આપત્તિ વ્યવસ્થાપન અને ટ્રાફિક સહિતની વિવિધ સેવાઓ એક જ પ્લેટફોર્મ પર સંકલિત કરવામાં આવી છે. નાગરિકોની સલામતીને વધુ મજબૂત બનાવવા ઓલા, ઉબેર, રેપિડો અને ભારત ટેક્સી જેવી વાહન સેવા એપમાં પણ ૧૧૨નું પેનિક બટન જોડવામાં આવ્યું છે.

પોલીસ કર્મચારીઓ માટે શરીર પર પહેરી શકાય તેવા કેમેરા, હેલ્મેટ, સુરક્ષા સાધનો અને ડેશ કેમેરા પણ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. દરેક જનરક્ષક વાહન પર ૨૪ કલાકની કામગીરી માટે એક એએસઆઈ અથવા હેડ કોન્સ્ટેબલ, બે કોન્સ્ટેબલ અને એક ડ્રાઈવરનો સ્ટાફ તૈનાત રહેશે.

આ રીતે રાજ્યમાં ૧,૦૦૦ જનરક્ષક વાહનોનું નેટવર્ક કાર્યરત થતાં ઈમરજન્સી સમયે પોલીસની પહોંચ વધુ ઝડપી અને અસરકારક બનશે.

## શ્રાવણના બીજા સોમવારે શિવાલયોમાં ભક્તોની ભીડ ઊમટી



■ શ્રાવણના બીજા સોમવારે શિવાલયોમાં ભક્તોની ભીડ ઊમટી હતી. મહાદેવને ભજવાના પવિત્ર શ્રાવણ માસના શિવના પ્રિય દિવસ સોમવારે તેમને રિઝવવા માટે ભક્તો સવારથી મંદિરોમાં ઊમટી પડ્યા હતા. શિવલિંગને બિલીપત્ર, દૂધ અર્પણ કરી ભક્તોએ ધન્યતા અનુભવી હતી. **(તસવીર - જનક પટેલ, અમદાવાદ)**

# ભાવનગર લઠ્ઠાકાંડમાં મધ્યપ્રદેશથી કાચો માલ સપ્લાય કરનાર સહિત વધુ 13 ઝડપાયા

**એસએમસીની** કાર્યવાહીથી ધરપકડનો આંકડો 27 થયો

**નકલી** દારૂની સમગ્ર સપ્લાય ચેઇનના મૂળ સુધી પહોંચવા તપાસ તેજ

ગાંધીનગરઃ ભાવનગરના ચકચારી મિથેનોલયુક્ત નકલી દારૂકાંડની તપાસમાં સ્ટેટ મોનિટરિંગ સેલે વધુ ૧૩ આરોપીને ઝડપી લેતાં કેસમાં ધરપકડનો આંકડો ૨૭ પર પહોંચ્યો છે. મધ્યપ્રદેશથી નકલી દારૂ બનાવવા માટેનો કાચો માલ સપ્લાય કરનાર મુખ્ય આરોપી મનાતા આનંદ છાડીની પણ ધરપકડ કરવામાં આવી છે. એસએમસી હવે આનંદ છાડીના નેટવર્ક ઉપરાંત મધ્યપ્રદેશમાંથી મિથેનોલ સહિતનો કાચો માલ ક્યાંથી મેળવવામાં આવતો હતો અને ગુજરાતમાં કયા સ્થળોએ તેની સપ્લાય કરવામાં આવતી હતી તેની તપાસમાં લાગી છે.

ભાવનગર જિલ્લાના વરતેજ અને ઘોઘા તાલુકાના ખરકડી વિસ્તારમાં મિથેનોલયુક્ત નકલી દારૂના સેવનથી સર્જાયેલા લઠ્ઠાકાંડમાં અત્યાર સુધીમાં ૧૩ લોકોનાં મોત થયા છે, જ્યારે ૬૦થી વધુ લોકો અસરગ્રસ્ત બન્યા છે. સમગ્ર ઘટનાની તપાસમાં નકલી દારૂ બનાવવાથી માંડીને તેના વિતરણ સુધીની સપ્લાય ચેઈન સામે આવી રહી છે. હવે મધ્યપ્રદેશમાંથી કાચા માલના પુરવઠાની કડી સુધી તપાસ પહોંચતાં રેકેટનું નેટવર્ક વધુ વિસ્તરવાની શક્યતા છે.

તપાસ દરમિયાન મધ્યપ્રદેશથી નકલી દારૂના ઉત્પાદન માટે કાચો માલ સપ્લાય કરવામાં આનંદ છાડીની ભૂમિકા સામે આવતાં તેની ધરપકડ કરવામાં આવી હતી. એસએમસી દ્વારા ઝડપાયેલા તમામ આરોપીઓની પૂછપરછમાં કાચા માલની ખરીદી, નકલી દારૂનું ઉત્પાદન, બોટલિંગ અને વિવિધ વિસ્તારોમાં તેનું વિતરણ કરનારા શખ્સો અંગે મહત્ત્વની વિગતો બહાર આવે તેવી શક્યતા છે. તપાસ એજન્સી હવે આનંદ છાડી સાથે સંકળાયેલા અન્ય શખ્સો સુધી પહોંચવા માટે વિવિધ દિશામાં તપાસ કરી રહી છે.

એફએસએલના પ્રાથમિક તારણ મુજબ જપ્ત કરાયેલા નકલી દારૂમાં ૩૮.૫૯ ટકા મિથેનોલ અને માત્ર ૦.૯૪ ટકા ઈથેનોલ મળી આવ્યું હતું. તપાસમાં ઝેરી મિથેનોલની વ્યવસ્થા કરી તેને નકલી દારૂમાં ઉપયોગમાં લેવાયો હોવાનું સામે આવ્યું છે. બુટલેગરો દ્વારા જાણીતી બ્રાન્ડની નકલી બોટલો અને સ્ટીકરોનો ઉપયોગ કરીને આ દારૂનું વેચાણ કરવામાં આવ્યું હોવાની પણ તપાસ ચાલી રહી છે.

આ કેસમાં નકલી દારૂ બનાવવાનો મુખ્ય સૂત્રધાર મનાતો મધ્યપ્રદેશનો નરેન્દ્રસિંહ યાદવ ઉર્ફે 'ડોક્ટર' પણ પોતે બનાવેલા ઝેરી દારૂના સેવનથી મોતને ભેટ્યો હોવાનું સામે આવ્યું છે. બીજી તરફ પોલીસે સમગ્ર નેટવર્ક સામે કાર્યવાહી તેજ કરી છે. બેદરકારી બદલ કેટલાક પોલીસ કર્મચારીઓ સામે પણ કાર્યવાહી કરવામાં આવી છે. વધુ ૧૩ આરોપીની ધરપકડ બાદ હવે તપાસનો મુખ્ય ફોકસ નકલી દારૂના રેકેટની સમગ્ર સપ્લાય ચેઈન, કાચા માલના સ્ત્રોત અને તેના ગુજરાતમાં વિતરણ સાથે સંકળાયેલા અન્ય આરોપીઓ સુધી પહોંચવા પર છે.

**અમદાવાદમાં સુરતના નાસીરનગરવાળી થઈ**

# મનપાના નામે ખાનગી એજન્સીએ દુકાનો તોડી પાડ્યાનો આક્ષેપ

**તપાસમાં** આ ડિમોલેશન કોર્પોરેશનની સત્તાવાર કાર્યવાહીનો ભાગ ન હોવાનું સામે આવ્યું

**ખાનગી** એજન્સી અથવા બિલ્ડર સાથે સંકળાયેલા વ્યક્તિઓ દ્વારા મનપાના નામનો દુરુપયોગ કરવામાં આવ્યો હોવાની આશંકા

અમદાવાદઃ અમદાવાદ નજીક આવેલા નાના ચિલોડા વિસ્તારમાં અમદાવાદ મનપાના નામે ખાનગી એજન્સીના બાઉન્સર્સ દ્વારા ત્રણ દુકાન તોડી પાડવામાં આવી હોવાની ઘટના સામે આવતા ખળભળાટ મચી ગયો છે. નાના ચિલોડા હાઈવે પર ફોરવ્હીલ ગાડીના શોરૂમની સામે આવેલા વિસ્તારમાં બનેલી આ ઘટનામાં બાઉન્સર્સે પોતાને અમદાવાદ કોર્પોરેશનના માણસો ગણાવી દુકાનોનું બાંધકામ ગેરકાયદે હોવાનું કહી તોડી પાડ્યું હોવાના આક્ષેપો થયા છે. જોકે, સમગ્ર મામલે અમદાવાદ મનપાએ સ્પષ્ટતા કરી છે કે આ ડિમોલેશનની કાર્યવાહી કોર્પોરેશન દ્વારા કરવામાં આવી નથી અને તેમાં સામેલ વ્યક્તિઓ મનપાના કર્મચારીઓ નથી.

આ અંગે મળતી માહિતી પ્રમાણે આ ઘટનાનો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ મામલો બહાર આવ્યો હતો. આ વિડીયોમાં દુકાનધારકો દ્વારા બાંધકામ તોડી પાડનાર વ્યક્તિઓની ઓળખ તથા કાર્યવાહીનું કારણ પૂછવામાં આવતું હોવાનું જોવા મળે છે. તેના જવાબમાં સંબંધિત વ્યક્તિઓએ પોતે કોર્પોરેશનના માણસો હોવાનું તેમજ બાંધકામ ગેરકાયદે હોવાથી તેને તોડી પાડવામાં આવી રહ્યું હોવાનું જણાવ્યું હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

આ વિડીયો વાયરલ થતાં અમદાવાદ મનપાના તંત્ર દ્વારા સમગ્ર મામલે તપાસ શરૂ કરવામાં આવી છે. મનપાની પ્રાથમિક તપાસમાં આ ડિમોલેશન કોર્પોરેશનની સત્તાવાર કાર્યવાહીનો ભાગ ન હોવાનું સામે આવ્યું છે. મનપાના અધિકારીઓના જણાવ્યા મુજબ, કાર્યવાહી કરનારા લોકો કોર્પોરેશનના અધિકારી કે કર્મચારી નથી. ખાનગી એજન્સી અથવા બિલ્ડર સાથે સંકળાયેલા વ્યક્તિઓ દ્વારા મનપાના નામનો દુરુપયોગ કરવામાં આવ્યો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

તપાસ દરમિયાન આ બાંધકામ ખાનગી પ્લોટ પર આવેલું હોવાનું સામે આવ્યું છે, જ્યાં ત્રણ દુકાનો આવેલી હતી. પ્લોટની પાછળના ભાગે એક બિલ્ડરનું બાંધકામ ચાલી રહ્યું હોવાનું પણ જાણવા મળ્યું છે. આ સંજોગોમાં બિલ્ડર સાથે સંકળાયેલા માણસો દ્વારા દુકાનો તોડી પાડવામાં આવી હોવાની આશંકા મનપા દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે. સરકારી તંત્રના નામનો દુરુપયોગ કરીને કોઈ ખાનગી વ્યક્તિ કાયદો હાથમાં લે તે ગંભીર બાબત હોવાનું મનપા દ્વારા જણાવાયું છે. ડિમોલેશનમાં સામેલ વ્યક્તિઓની ઓળખ કરી તેમની સામે પોલીસ ફરિયાદ નોંધાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. અમદાવાદ કોર્પોરેશનના નામનો દુરુપયોગ કરીને ખાનગી રીતે બાંધકામ તોડી પાડવા કે અન્ય કોઈ ગેરકાયદેસર પ્રવૃત્તિ ચલાવવાની મંજૂરી આપવામાં આવશે નહીં. અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે, સરકારી તંત્રના નામે ખાનગી વ્યક્તિઓ દ્વારા બાંધકામ તોડી પાડવાનો આ પ્રકારનો બનાવ અગાઉ સુરતમાં પણ સામે આવ્યો છે. નાના ચિલોડાની ઘટનામાં પોલીસ ફરિયાદ બાદ સમગ્ર મામલે વધુ હકીકતો બહાર આવે તેવી શક્યતા છે.

# અમદાવાદ-મંગલુરુ સાપ્તાહિક વિશેષ ટ્રેનને પાલઘર સ્ટેશન પર વધારાનો હોલ્ટ

અમદાવાદઃ પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ-મંગલુરુ-અમદાવાદ સાપ્તાહિક વિશેષ ટ્રેનને પાલઘર સ્ટેશન પર અતિરિક્ત હોલ્ટ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ટ્રેન નંબર ૦૯૪૨૪ અમદાવાદ-મંગલુરુ વિશેષ ટ્રેનને ૨૮ ઓગસ્ટ, ૨૦૨૬થી અને ટ્રેન નંબર ૦૯૪૨૩ મંગલુરુ-અમદાવાદ વિશેષ ટ્રેનને ૨૯ ઓગસ્ટ, ૨૦૨૬થી પાલઘર સ્ટેશન પર વધારાનો થોભાણ આપવામાં આવશે. ટ્રેન નંબર ૦૯૪૨૪ અમદાવાદ-મંગલુરુ સાપ્તાહિક વિશેષ ટ્રેન પાલઘર (PLG) સ્ટેશન પર રાત્રે ૧૦:૦૨ કલાકે પહોંચશે અને બે મિનિટના હોલ્ટ બાદ રાત્રે ૧૦:૦૪ કલાકે પ્રસ્થાન કરશે.

તે જ રીતે ટ્રેન નંબર ૦૯૪૨૩ મંગલુરુ-અમદાવાદ સાપ્તાહિક વિશેષ ટ્રેન પાલઘર સ્ટેશન પર સાંજે ૭:૧૦ કલાકે પહોંચશે અને બે મિનિટના હોલ્ટ બાદ સાંજે ૭:૧૨ કલાકે આગળના પ્રવાસે રવાના થશે.

પશ્ચિમ રેલવેના આ નિર્ણયથી પાલઘર તથા આસપાસના વિસ્તારોના મુસાફરોને અમદાવાદ અને મંગલુરુ વચ્ચેની મુસાફરી માટે વધુ સુવિધા મળશે.

# બેંક છેતરપિંડી કેસમાં સાયોના કલર્સની રૂ.૯.૧૯ કરોડની મિલકતો જપ્ત કરતું ED

**લોનની** રકમ ગ્રુપ કંપનીઓમાં વાળવા બોગસ કરારો અને પરિપત્ર વ્યવહારો કર્યાનો આક્ષેપ

અમદાવાદઃ બેંકો સાથે રૂ.૭૧.૮૮ કરોડની છેતરપિંડીના કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ના અમદાવાદ ઝોનલ કાર્યાલયે મેસર્સ સાયોના કલર્સ પ્રાઈવેટ લિમિટેડ, તેના ડિરેક્ટર પરેશ ડી. પટેલ, મેસર્સ શેમરોક કેમી પ્રાઈવેટ લિમિટેડ અને અન્ય સંલગ્ન વ્યક્તિઓ સામે મની લોન્ડરિંગની તપાસમાં ઈડીએ મની લોન્ડરિંગ પ્રતિબંધક કાયદા હેઠળ રૂ.૯.૧૯ કરોડની સ્થાવર અને જંગમ મિલકતો કામચલાઉ ધોરણે જપ્ત કરી છે. આ કેસમાં આ બીજો મિલકત જપ્તી હુકમ હોવાનું જણાવાયું છે અને અત્યાર સુધીના બંને હુકમ હેઠળ જપ્ત કરાયેલી મિલકતોનું કુલ મૂલ્ય રૂ.૯.૬૨ કરોડ થયું છે.

સીબીઆઈની મુંબઈ સ્થિત બેંક સિક્યોરિટીઝ એન્ડ ફ્રોડ શાખા દ્વારા નોંધાયેલી ફરિયાદના આધારે ઈડીએ આ કેસમાં તપાસ શરૂ કરી હતી. તપાસમાં સાયોના કલર્સ પ્રાઈવેટ લિમિટેડે બેંકો પાસેથી મેળવેલા લોન ભંડોળનો કથિત રીતે દુરુપયોગ કરીને પ્રમોટરો અને ગ્રુપ કંપનીઓના નામે મિલકતો ખરીદવા માટે નાણાં વાળ્યા હોવાનું સામે આવ્યું છે.

તપાસ એજન્સીના જણાવ્યા મુજબ, કંપનીઓએ બોગસ કરારો તૈયાર કરીને તેમના આધારે કથિત છેતરપિંડીભર્યા વ્યવહારો કર્યા હતા અને લોનની રકમ ગ્રુપ કંપનીઓ તરફ વાળવામાં આવી હતી. સાયોના કલર્સ અને શેમરોક કેમી સહિતની કંપનીઓ વચ્ચે ભંડોળનું પરિપત્ર રીતે પરિભ્રમણ કરવામાં આવતું હોવાનો પણ આક્ષેપ છે. ઈડીએ જણાવ્યું છે કે આ મામલે વધુ તપાસ ચાલુ છે અને બેંકના નાણાંના કથિત ગેરવહીવટ તથા ગ્રુપ કંપનીઓ વચ્ચેના પરિપત્ર વ્યવહારો સાથે સંકળાયેલા અન્ય વ્યવહારોની પણ તપાસ કરવામાં આવી રહી છે.

# ગુજરાતમાં મોસમી રોગચાળો નિયંત્રણમાં, H1N1 સામે આગોતરી સજ્જતા

**રાજ્યમાં** H1N1ના દર્દીઓની હાલત સામાન્ય, ૨૦૧૯ની માર્ગદર્શિકા મુજબ સેમ્પલિંગ, ટેસ્ટિંગ અને સારવારનું પાલન કરવા આદેશ

ગાંધીનગરઃ ચોમાસા દરમિયાન પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળા પર નિયંત્રણ મેળવ્યા બાદ હવે રાજ્ય સરકારે સીઝનલ ફ્લૂ એટલે કે H1N1 સામે આગોતરી સજ્જતા શરૂ કરી છે. આરોગ્ય મંત્રીની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે યોજાયેલી ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠકમાં રાજ્યની તમામ સરકારી હોસ્પિટલોમાં H1N1ની સારવાર માટે જરૂરી દવાઓ, ઓક્સિજન અને વેન્ટિલેટરની પૂરતી વ્યવસ્થા રાખવા તેમજ વર્ષ ૨૦૧૯ની H1N1 માર્ગદર્શિકા મુજબ સેમ્પલિંગ, ટેસ્ટિંગ અને સારવારની પ્રક્રિયાનું ચોક્કસ પાલન કરવા અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી.

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાએ જણાવ્યું હતું કે, રાજ્યમાં હાલમાં H1N1નો કોઈ ગંભીર ઉપદ્રવ નથી અને દર્દીઓની હાલત સામાન્ય છે, તેથી નાગરિકોએ ગભરાવાની જરૂર નથી. જોકે દિલ્હી અને મુંબઈ જેવા મહાનગરોમાં H1N1ના કેસ નોંધાઈ રહ્યા છે અને ત્યાંથી હવાઈ, રેલ તથા બસ માર્ગે ગુજરાતમાં સતત લોકોની અવરજવર થતી હોવાથી રાજ્યનું આરોગ્ય તંત્ર આગોતરી તૈયારી સાથે સજ્જ રહે તે જરૂરી છે.

બેઠકમાં રાજ્યની સિવિલ હોસ્પિટલોના તબીબી અધિક્ષકો, મેડિકલ કોલેજોના ડીન તેમજ જિલ્લા અને મહાનગરપાલિકાઓના વરિષ્ઠ આરોગ્ય અધિકારીઓ જોડાયા હતા. મંત્રીએ તમામ હોસ્પિટલોમાં ઇમરજન્સી વિભાગો, તબીબો અને નર્સિંગ સ્ટાફને H1N1 અંગે જરૂરી સૂચનાઓ આપવા અને નિર્ધારિત માર્ગદર્શિકા પ્રમાણે જ દર્દીઓના સેમ્પલિંગ, તપાસ અને સારવાર થાય તેની તકેદારી રાખવા આદેશ આપ્યો હતો.

ચોમાસા દરમિયાન ઝાડા-ઉલટી, ટાઇફોઇડ, કોલેરા, મલેરિયા, ચિકનગુનિયા અને કમળા સહિતના પાણીજન્ય તથા મચ્છરજન્ય રોગો સામે આરોગ્ય વિભાગે કરેલી કામગીરીની પ્રશંસા કરતાં મંત્રીએ જણાવ્યું હતું કે સરકારી હોસ્પિટલોમાં દર્દીઓને ઝડપી અને યોગ્ય સારવાર મળી રહી છે. સાથે જ તેમણે હોસ્પિટલોમાં સ્વચ્છતા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા પણ ભાર મૂક્યો હતો.

## સુડોકુ ૬૬૧૧ 'ક્રુતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૭ | | ૪ | ૬ | ૯ | ૮ | ૩ |
| ૯ | | ૮ | ૩ | | ૭ | | | |
| ૪ | | ૩ | ૯ | | | ૨ | ૭ | ૧ |
| | | | ૭ | ૨ | ૧ | ૬ | ૩ | ૫ |
| ૫ | ૭ | | ૮ | | ૩ | | ૯ | ૪ |
| | ૧ | | | ૯ | ૫ | ૮ | ૨ | ૭ |
| | | ૪ | ૧ | ૭ | | ૩ | ૫ | |
| ૨ | ૯ | ૫ | | ૩ | | ૭ | ૧ | |
| ૭ | ૩ | ૧ | | | | | | ૨ |

■ અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
■ દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
■ પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - સ્યોમંદ પરબીઆ**

### બાળકને દાંત

બાળકો માટે દાંત આવવા એ અતિ પીડાદાયક છે. ધાવડીના ફૂલ, લીંડી પિપર અને આમળા ના ચૂર્ણમા મધ ભેળવી, આ મિશ્રણ આંગળી પર લઈ બાળકના પેઢા પર ઘસી આપવું તેથી પીડા ઓછી થશે.

## આજનું પંચાંગ

**તા. 25/08/2026, મંગળવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** શ્રાવણ
**તિથિઃ** સુદઃ તેરસઃ વૃદ્ધિ તિથિ છે- ભોમપ્રદોષ
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** ભાદરવાઃ 03
**યોગ :** આયુષ્યમાન **કરણઃ** કૌલવ
**નક્ષત્ર :** ઊ.ષા.:- 22:52
**રાશિઃ** મકર (ખ,જ)
**દિવસ :** અશુભ- મંગળાગૌરી પૂજન
**સુરતમાં સૂર્યોદય :** 06:21 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:00
**નવકારસી :** 07:09
**પારસી વર્ષ :** 1396 ફરવરદીન માસનો 11મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 રબિઉલ અવલ માસનો 11મો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
**રાત્રિનાં ચોઘડિયાંઃ** કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
**રાહુકાળ :** બપોરેઃ 15:00 થી 16:30 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** કેરીયરમાં પ્રભાવશાળી લોકોનું માર્ગદર્શન મળે. આવક વધારવાની યોજના પાર પડે.
**વૃષભ (બ,વ,ઉ,):** ઉત્સાહજનક સમાચાર મળે. જૂના મિત્રોની મુલાકાત યાત્રા દરમિયાન થાય. નવી તકથી લાભ.
**મિથુન (ક,છ,ઘ,):** થાક અને માનસિક અશાંતિ રહે. ખાવા પીવામાં ધ્યાન રાખવું. અચાનક અનુકૂળતા થાય. કામમાં ગતિ આવે.
**કર્ક (ડ,હ,):** પરિવારના સાથથી નવા વેપાર ધંધાની યોજના બને. કોર્ટ કચેરીમાં મદદ મળે. રોજની આવક વધે.
**સિંહ (મ,ટ,):** આરોગ્યનું ધ્યાન રાખવું. નોકરીમાં હરીફોથી સાવધાન. સરકારી નોકરીયાતે લાલચથી બચવું.
**કન્યા (પ,ઠ,ણ,):** પરીક્ષામાં સફળતા મળે. પ્રેમ-વિવાહનો પ્રસ્તાવ આવે. નવા આર્થિક રોકાણથી લાભ થાય.
**તુલા (ર,ત,):** સમાજીક કાર્યમાં ભાગ લેવાનું બને. નોકરીમાં નવી તક મળે. વડીલોની સલાહ માનવી આવક વધે.
**વૃશ્ચિક (ન,ય,):** યાત્રા-પ્રવાસમાં મનોરંજન થાય. લેખન-પ્રકાશન, ટ્યુશન, દલાલીમાં આવક વધે. શુભ સમાચાર મળે.
**ધન (ભ,ધ,ફ,ઢ,):** અચાનક લાભનો અવસર મળે. વાણી પર કાબુ રાખવો. પરિવારમાં ઉત્સવ જેવુ રહે. શુભ સમાચાર મળે.
**મકર (ખ,જ,):** શુભ સમાચાર મળે. આત્મવિશ્વાસ વધશે. નોકરીમાં પ્રગતિ થાય. દાંપત્યજીવનમાં આનંદ મળે.
**કુંભ (ગ,સ,શ,ષ,):** ધાર્મિક સામાજિક અને પ્રવાસને લગતાં કામ થાય. ગુપ્ત ભય સતાવે. ખર્ચા વધે. સંતાન ચિંતા રહે.
**મીન (દ,ચ,ઝ,થ,):** પ્રેમ વિવાહનો પ્રસ્તાવ આવે. મિત્રો સાથે મનોરંજન થાય. અચાનક આવક વધે.

### કોઈ પણ સાલમાં 25 ઓગસ્ટે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ ઉત્સાહજનક પસાર થાય. આરોગ્ય સામાન્ય રહે. ઉઘરાણી આવવાથી નવાં રોકાણ થાય. નોકરી-ધંધામાં ટેકનોલોજીનો લાભ મળે. નવા ફેરફારથી દોડધામ જવાબદારી વધે. સમાજમાં માન મળે. સંતાનોના અભ્યાસ-કેરીયરમાં પ્રગતિ થાય. આવક વધારવાની યોજનામાં ચડતી-પડતી રહે. હરીફોથી સાવધાન રહેવું પડશે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. પ્રેમ વિવાહની યોજનામાં મદદ મળે. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડે. વિદેશનાં કામ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. વારસા, જાયદાદ, જમીન જેવાં કામ પાર પડે. મિત્રો- વડીલોની સલાહ અને મદદ મળતી રહેવાથી આત્મવિશ્વાસ ટકી રહેશે. યાત્રા-પ્રવાસ ધર્મ -કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઈ, સોમ-ગુરુવાર, 07,16,25 તારીખે નવા કામ કરવા. ગુલાબી, સફેદ રંગનો ઉપયોગ વધારવો. ઓગસ્ટ- સપ્ટેમ્બર, બુધ-શુક્રવાર, 05,14, 23 તારીખે નવા કામ ટાળવા. લાલ અને લીલા રંગનો ઉપયોગ ટાળવો.

# કેનેડામાં ગુજરાતનો માહોલ ઊભો કરે તે ગુજરાતીઃ મુખ્યમંત્રી

**ટોરેન્ટો** એરપોર્ટ પર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું પરંપરાગત સ્વાગત

**ફ્રેન્ડ્સ** ઓફ ગુજરાત-કેનેડા દ્વારા સત્કાર સમારોહમાં ગુજરાતના વિકાસમાં ભાગીદાર બનાવ આહવાન

ગાંધીનગરઃ અમેરિકાનો પ્રવાસ સફળતાપૂર્વક પૂર્ણ કરીને કેનેડા પહોંચેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ટોરેન્ટોમાં ગુજરાતી સમુદાયને સંબોધતા જણાવ્યું હતું કે, જ્યાં પણ વસ્યા હોય ત્યાં ગુજરાતનો માહોલ ઊભો કરી શકે તે ગુજરાતી છે. તેમણે કેનેડાના અર્થતંત્રમાં ગુજરાતીઓના યોગદાનની પ્રશંસા કરી ગુજરાતના વિકાસમાં ભાગીદાર બનવા અને જન્મભૂમિ પ્રત્યેનું ઋણ અદા કરવા ગુજરાતમાં રોકાણ કરવા ગુજરાતી ઉદ્યોગસાહસિકોને આહવાન કર્યું હતું.

મુખ્યમંત્રી અને ગુજરાત પ્રતિનિધિમંડળના સ્વાગત માટે ફ્રેન્ડ્સ ઓફ ગુજરાત-કેનેડા દ્વારા આયોજિત સત્કાર સમારોહમાં મુખ્યમંત્રીએ ગુજરાતની વિકાસયાત્રા રજૂ કરતાં જણાવ્યું હતું કે, 1960માં અલગ રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવ્યું ત્યારે ગુજરાતમાં રસ્તા, વીજળી અને પાણી જેવી પાયાની સુવિધાઓ પણ પૂરતી ન હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દૂરંદેશી નેતાગીરી અને મોટા લક્ષ્યો સાથેના વિકાસના વિઝનથી ગુજરાત આ પરિસ્થિતિમાંથી બહાર આવી આજે દેશના વિકાસનું એન્જિન બન્યું છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત અને વિકાસ આજે પર્યાય બની ગયા છે. ગુજરાતમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રે છ પ્લાન્ટ શરૂ થયા છે, જ્યારે વાયબ્રન્ટ ગુજરાત સમિટની સફળતાના પરિણામે રાજ્યમાં સતત નવા રોકાણો આવી રહ્યા છે. ગુજરાતના સર્વાંગી વિકાસની વાત કરતાં તેમણે વિદેશમાં વસતા ગુજરાતીઓ માટે પણ રાજ્યમાં રોકાણની વિશાળ તકો હોવાનું સ્પષ્ટ કર્યું હતું.

કેનેડાના અર્થતંત્રમાં ગુજરાતી સમુદાયના મજબૂત સહયોગ અને યોગદાનને બિરદાવતાં મુખ્યમંત્રીએ ગુજરાતી ઉદ્યોગસાહસિકોને ગુજરાતમાં રોકાણ કરવા અનુરોધ કર્યો હતો. તેમણે આગામી વાયબ્રન્ટ ગુજરાત સમિટ-2027માં કેનેડાના ગુજરાતી સમુદાયને જોડાવા માટે આમંત્રણ પણ પાઠવ્યું હતું. ટોરેન્ટો એરપોર્ટ પર મુખ્યમંત્રીનું ગુજરાતી સમુદાયના અગ્રણીઓ તેમજ કોન્સ્યુલેટ જનરલ ઓફ ઈન્ડિયા દ્વારા પરંપરાગત સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય સચિવ એમ.કે. દાસ સહિત ગુજરાત સરકારના વરિષ્ઠ અધિકારીઓ, ગુજરાત પ્રતિનિધિમંડળના સભ્યો અને ફ્રેન્ડ્સ ઓફ ગુજરાત-કેનેડાના સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.